# બાળમનોવિજ્ઞાનના અભ્યાસનું મહત્વ :

(1) વર્તન વિકાસ
(2) બાળઉછેર
(3) સમસ્યારૂપ બાળક
(4) મનોચીકીસ્તા અને ચિકીત્સાત્મક મનોવિજ્ઞાન
(5) તબીબી વિજ્ઞાન
(6) વ્યક્તિગત ભીન્નાતાઓ
(7) શિક્ષણ અને બાળવિકાસના કાર્યક્રમોનું આયોજન

(૧) વર્તન વિકાસ :

બાળ મનોવિજ્ઞાનમાં બાલ્યવસ્થાના જુદા જુદા તબક્કાઓમાં વર્તનનો વિકાસ કેવી રીતે થાય છે એ અંગેના ધોરણો આપવામાં આવે છે.

(૨) બાળઉછેર

દરેક માબાપ પોતાના બાળકનો યોગ્ય વિકાસ થાય એમ ઈચ્છતા હોય- જેથી એ જરૂરી આવડતો નિર્માણ કરી ઉત્તમ રીતે જીવણ નિર્વાહ કરવા માટે સમર્થ બને.- કઈ ઉમરે બાળકમાં કઈ આવડત વિકાસ પામે છે તે અંગેની માહિતી આ વિજ્ઞાનમાં આપવામાં આવે છે.- ઉપરાંત એ માહિતી પણ પૂરી પાડવામાં આવે છે કે ફક્ત શારીરિક જરૂરિયાત પૂરી પડવી જરૂરી નથી એની મનો વૈજ્ઞાનિક જરૂરિયાતો પણ પૂરી થવી એટલી જ જરૂરી છે.ટૂંકમાં આ વિજ્ઞાન દ્વારા બાળકના યોગ્ય ઉછેરનું માર્ગદર્શન મળે છે.

(૩) સમસ્યારૂપ બાળક :

કેટલાક બાળકોમાં કજીયો કરવો, જીદ્દીપણું,રિસાઈ જવું, ઘરમાં ચોરી કરવી, રાત્રે પથારી પલાળવી, જુથ્થ્તું બોલવું, શાળાનો અભ્યાસ નિયમિત રીતે ના કરવો વગેરે.

માતા-પિતા માટે આવા વર્તનો આગવી સમસ્યાઓ સર્જાતા હોય છે – બાળ મનોવિજ્ઞાનમાં આવી સમસ્યાઓના કારણો તથા તેના ઉપચારોનો અભ્યાસ થાય છે. આવી માહિતી ફક્ત માબાપ માટે જ નહિ પણ શિક્ષકો માટે પણ ઉપયોગી થાય છે.

(૪) મનોચિકિત્સા અને ચિકીત્સાત્મક મનોવિજ્ઞાન :

આ બંને વિજ્ઞાનોનો સંબંધ વર્તનની વિકૃતિઓનો અભ્યાસ કરવા સાથે છે.- વિકૃતીઓના શારીરિક કારણો ઉપરાંત મનોવૈજ્ઞાનિક પણ હોય છ. – એ પણ બાલ્યાવસ્થામ જોવા મળે છે. – આથી બાળમનોવિજ્ઞાનનો અભ્યાસ જરૂરી છે.

(૫) તબીબી વિજ્ઞાન :

આને શીશુરોગ વિજ્ઞાન પણ કહે છે- કેટલીકવાર રોગ વિશેની શારીરિક માહિતી ના મળે ત્યારે તબીબોને જુદી જુદી વયે બાળકનું સામાન્ય વર્તન કેવું હોય છે તે અંગેની માહિતી આ વિજ્ઞાન થાકી મળે છે. આથી તબીબી વિજ્ઞાન માટે પણ બાળ મનોવિજ્ઞાનના અભ્યાસનું મહત્વ રહેલું છે.

(૬) વ્યક્તિગત ભીન્નાતાઓ :

શારીરિક ભિન્નતાની જેમ માનસિક શક્તિઓની બાબતમાં પણ બાળકો ભિન્ન હોય છે.- બુદ્ધિ, ગાણિતિક શક્તિ, શાબ્દિક શક્તિ, સંગીતની શક્તિ, ચિત્રકળાની શક્તિ, વગેરે સમાન હોતી નથી.- બાળકમાં જે શક્તિ વધુ હોય તેનો વિકાસ વધુ થાય તેવા પ્રયત્નો કુટુંબ, શાળા એ કરવા જોઈએ. – આમ બાળકની શક્તિઓને ઓળખીને તેના વિકાસ કરવો જોઈએ.

(૭) શિક્ષણ અને બાળવિકાસના કાર્યક્રમોનું આયોજન :

ભારતમાં પંચ વર્ષીય યોજનાઓ દ્વારા બાળકોના શારીરિક તેમજ માનસિક વિકાસ માટેનું ખાસ ફંડ ફાળવવામાં આવે છે. – આનો આશય ગર્ભાધાનથી જ બાળકનો યોગ્ય વિકાસ થાય તે માટે ગર્ભવતી માતાઓને તેમજ જન્મ પછી બાળકોના યોગ્ય વિકાસ માટે તબીબી તેમજ અન્ય સગવડો પૂરી પાડવામાં આવે છે.- આવું કામ સંયુક્ત રાષ્ટ્ર સંઘ (યુનો) ની યુનિસેફ નામની સંસ્થા પણ વિશ્વના રાષ્ટ્રોમાં કરે છે.

આ માટે પ્રસુતિ કેન્દ્રો, સ્વાસ્થ્યકેન્દ્રો, બાળ કલ્યાણ કેન્દ્રો, શૈક્ષણિક સંસ્થાઓ વગેરેની સ્થાપના કરવાનો માર્ગ અપનાવાય છે. –ટૂંકમાં બાળ મનોવિજ્ઞાન દ્વારા પ્રાપ્ત માહિતીને આધારે જુદા જુદા કેન્દ્રો ની સ્થાપના થાય છે.